**રાજ્ય સરકારની માલિકીની જાહેર મિલકતો/કુદરતી સંપત્તિને નુકસાન પહોંચાડતા કે ચોરી કરતા કે નાણાકીય અનિયમિતતા આચરતા લોકો વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં એફ.આઈ. આર. નોંધાવવા બાબત.**

सत्यमेव जयते

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

ફા.ક્ર.પરચ/૧૦૨૦૧૯/૩૬૯૮/ડ

સચિવાલય, ગાંધીનગર

તા. 15 JUN 2019

**પરિપત્ર**

રાજ્ય સરકાર જન કલ્યાણની નીતિને વરેલી છે. રાજ્ય સરકાર દ્વારા લોકોની સુખાકારી માટે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો અમલમાં મુકવામાં આવે છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા સીધી રીતે અથવા તેના નિયંત્રણ હેઠળની બોર્ડ/કોર્પોરેશન/નિગમ/કંપની મારફતે ખુબ જ મોટા પ્રમાણમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેમ કે, રસ્તા, વિજળીના ઉપકરણો, રેલવે સ્ટેશન/બસ સ્ટેશન, નદી પરના ડેમ, સિંચાઈ માટેની નહેરો-કેનાલો, વાહનવ્યવહાર, હોસ્પીટલો, શાળા-કોલેજો, સરકારી કચેરી વિગેરે ઉભુ કરવામાં આવે છે. આ પ્રકારની માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે અને તેના સંચાલન માટે રાજ્ય સરકાર દ્વારા ખૂબ જ મોટા પ્રમાણમાં ખર્ચ કરવામાં આવે છે તેમજ આ માળખાકીય સુવિધાનો આશય છેવાડાના માનવી સુધી લાભો પહોંચાડવાનો છે. વધુમાં રાજ્ય સરકારની કુદરતી સંપતિ જેવી કે, ખાણ-ખનીજ, જંગલોમાંથી આવક થાય છે. પરંતુ કેટલાક અસામાજિક તત્વો દ્વારા રાજ્ય સરકારની જાહેર મિલકતોને પોતાના અંગત સ્વાર્થ માટે નુકસાન પહોંચાડવામાં આવે છે કે રાજ્ય સરકારની કુદરતી સંપત્તિની ચોરી કરી રાજ્ય સરકારને મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન પહોંચાડવામાં આવે છે. ઘણી વાર અમુક તત્વો દ્વારા રાજ્ય સરકારની માલિકીની સંપત્તિની ચોરી કરી કે નુકસાન પહોંચાડવાને કારણે જાહેર હિત જોખમાય છે તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ કથળે છે.

૨.૦ રાજ્ય સરકાર દ્વારા ઘણી વખત નાણાકીય અનિયમિતતા, ઉચાપત કે રેકર્ડઝ સાથે ચેડા થયાની બાબતો ધ્યાને આવતા સ્થાનિક પોલીસ દ્વારા સંબંધિત સરકારી અધિકારી, ઈજારદાર કે ત્રાહિત વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ધી ગુજરાત વેલ્યુ એડેડ ટેક્ષ અધિનિયમ-૨૦૦૩ હેઠળ પણ સરકારી નાણાની ઉચાપત બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે છે.

૩.૦ રાજ્ય સરકારની મિલકતોને થતુ નુકસાન અટકાવવા અને રાજ્ય સરકારની કુદરતી સંપત્તિ અને માળખાકીય સુવિધાની ચોરી અટકાવવા કે રાજ્ય સરકારની યોજનાકીય કામગીરીમાં નાણાકીય ઉચાપત, ભ્રષ્ટાચાર જેવા બનતા બનાવો સંદર્ભમાં જે તે વિભાગ/કચેરીના સક્ષમ અધિકારીઓ દ્વારા તેમને મળેલ સત્તાની રૂએ પોતાની ફરજોના ભાગ રૂપે સંબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનોમાં ફરિયાદ કરવા માટે જ્યારે જાય છે ત્યારે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં વિલંબ થાય છે અને

બિનજરૂરી પૂર્તતા માંગવામાં આવે છે તેમજ ક્યારેક સરકારની એજન્સીઓ/અધિકારીઓ સાથે યોગ્ય વર્તન કરવામાં આવતુ ન હોવાની રજુઆતો મળે છે.

૪.૦ વિભાગને મળેલ રજુઆતો ધ્યાને લઈ સરકારી કચેરીઓ તરફથી દાખલ કરાતી પોલીસ ફરિયાદમાં વિલંબ ન થાય, પોલીસ તપાસ ઝડપથી પૂર્ણ થાય અને સંબંધિત વિભાગ/કચેરી અને પોલીસ સ્ટેશન વચ્ચે કડીરૂપ વ્યવસ્થા ગોઠવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તેથી પોલીસ ફરિયાદને સંબંધિત કામગીરી/માર્ગદર્શન કે પોલીસ ફરિયાદ અંગે સમયસર યોગ્ય કાર્યવાહી થાય તે માટે આ વિભાગના નાયબ સચિવશ્રી(ફરિયાદ અને નશાબંધી)ની "નોડલ અધિકારી" તરીકે નિમણૂક કરવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે,

| **સરકારી એજન્સી/અધિકારીઓ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવા માટે માર્ગદર્શન માટેના નોડલ અધિકારીનું નામ અને હોદ્દો** | **કચેરીનું સરનામું** | **ટેલીફોન/મોબાઈલ નંબર/ ઈ-મેઈલ આઈડી** |
|---|---|---|
| શ્રી આશિષ વાળા<br>નાયબ સચિવ (ફરિયાદ અને નશાબંધી) | ગૃહ વિભાગ, બ્લોક નં.૨, બીજો માળ, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગર. | ૦૭૯-૨૩૨૫૦૫૨૫ (કચેરી)<br>મો.નં.૯૯૭૮૪૦૮૮૧૪<br>ઈ-મેઈલ:ds-compl-home@gujarat.gov.in |

૫.૦ આમ, ઉપરોકત વિગતે સરકારી એજન્સીઓ/કચેરીઓ/બોર્ડ/કોર્પોરેશન/નિગમ/સરકારી કંપનીઓને પોલીસ ફરિયાદ દાખલ કરવામાં કે પોલીસ તપાસ સંબંધિત પ્રશ્ને કોઈ વિલંબ, ત્વરિત પ્રતિભાવ ન મળે તો ગૃહ વિભાગના નોડલ અધિકારીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

૬.૦ નાયબ સચિવશ્રી(ફરિયાદ અને નશાબંધી) એ દર મહિનાના ચોથા બુધવારે તેમને મળેલ કેસોની સમીક્ષા હાથ ધરવાની રહેશે અને અ.મુ.સ.શ્રી(ગૃહ) ને અહેવાલ કરવાનો રહેશે. આ સમીક્ષા બેઠકમાં નાયબ સચિવશ્રી(ફરિયાદ અને નશાબંધી) સંબંધિત પોલીસ અધિકારી અને વહીવટી વિભાગના અધિકારી અથવા સંબંધિત કચેરી/બોર્ડ/કોર્પોરેશન/નિગમના અધિકારી સાથે વિચાર વિમર્શ કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નલિન નિસરતા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) સચિવશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) સચિવાલયના સર્વે વિભાગો – તેમના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સાથે.

(૬) રાજ્ય વેરા કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૭) વહીવટી સંચાલકશ્રી, સરદાર સરોવર પુન: વસવાટ એજન્સી, ગાંધીનગર.

(૮) સચિવશ્રી (જ.સં.), નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર. તરફ પ્રસ્તુત પરિપત્ર તેઓશ્રીની કચેરીના તમામ અધિકારીશ્રીઓમાં પરિપત્રિત કરવાની વિનંતી સહ.

(૧૦) તમામ પોલીસ કમિશનરશ્રી/રેન્જ અધિકારીશ્રી/પોલીસ અધીક્ષકશ્રીઓ.

(૧૧) સર્વે અધિક સચિવ/નાયબ સચિવ/ઉપ સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સી.આઇ.ઓ., ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ગૃહ વિભાગની વેબસાઈટ ઉપર મુકવાની વિનંતી સહ.

(૧૩) નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઈલ/શાખા સીલેક્ટ ફાઈલ.